**ENT (Ear Nose & Throat) Test**



**Orthopedic Consultation**



**Gynaecology**



**Audiometry Test**



**Hearing Kit**

**For More Details, Contact: - Saket Mehta -7878710720 / Kaushal Shah – 9825611481**
**IDFC FIRST Bank**
**Shop No 1, Sivanta One**
**Opp Nalli Silk Saree Showroom,**
**Ellis Bridge, Paldi, Ahmedabad - 380007**

# નન્ને-મુન્ને રાહી હૈ, સમાજ કી ધરોહર હૈ

પંકજભાઈ બાવિશી

તારીખ ૧૪મી જુલાઈ - ૨૦૧૯, સમય સવારના ૮.૩૦ કલાક, સ્થળ સરયુ-હસુ ઝાલાવાડ સાસ્કૃતિક ભવન, પ્રસંગ -સમાજના સભ્ય પરિવારના ધો.૧ થી ૯ના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરતો અભિવાદન સમારોહ. હાજરી ધો ૧ થી૪ના કુલ ૮૫ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ તથા ધો. ૫ થી ૯ના ૬૫ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ. એટલે કુલ ૧૫૦ તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે તેમના વાલીમાં ધો. ૧ થી ૪માં દરેક વિદ્યાર્થી દીઠ બે વાલી, અને ધો. ૫ થી ૯માં દરેક વિદ્યાર્થી દીઠ એક વાલી આમ કુલ ૨૩૫ વાલી. એકંદરે આ પ્રોગ્રામમાં ૩૮૫ સંખ્યા હતી. જેમના થકી આપણાં સમાજના બીજા માળનો બેંકવેટ હોલ સંપૂર્ણ પણે ભરાઈ ગયો હતો. આ હતી ફક્ત પ્રસ્તાવના. હવે આગળ જોઈએ.

બરાબર સવારે ૮.૩૦ના ટકોરે તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે તેમના વાલી આવવાના શરૂ થયા. રજીસ્ટ્રેશન ટેબલ પર બેઠેલા શિક્ષણ વિભાગમાં કાર્યકરો પાસે તેઓએ રજીસ્ટ્રેશન કરવી સ્ટેજ પાસ અને ભોજન પાસ મેળવી, અનાનસ અને કીવીના સ્વાદવાળા વેલક્મ ડ્રીંક્સ ની મજામાણી, હોલમાં પ્રવેશી પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. સર્વ પ્રથમ ભાઈ શ્રી કેતનભાઈ શાહ દ્વારા નવકારમંત્રની ધૂન બોલાવવામાં આવી. ત્યારબાદ ઉંમરમાં અને ધોરણમાં નાના બાળકો દ્વારા પરમાત્માના ફોટા પાસે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. પરમાત્માના ફોટાને ધૂપ કરી, ગુલાબનો હાર પહેરાવવામાં આવ્યો ત્યારે પંકજભાઈબાવિશી, ફાલ્ગુનભાઈ દફતરી, કલ્પેશભાઈ શાહ, ભાવિનભાઈ શાહ, સાથે રહી પરમાત્માને વંદના કરી.

આજના આકાર્યક્રમમાં એક નવો પ્રયોગ કરવામાં આવેલ. એ પ્રયોગ એટલે શ્રી નિલેશભાઈ જાદુગર દ્વારા જાદુના પ્રયોગો બતાવવામાં આવ્યા. લગભગ ૩૦ થી૪૦ મિનિટ સુધી તેમણે વિવિધ પ્રકારના જાદુના પ્રયોગો કર્યા. સાથે નાના-નાના બાળકોને પણ સ્ટેજ ઉપર બોલાવી તેમની સાથે રહી પોતાની કળાનું અદ્ભૂત પ્રદર્શન કર્યું. આ સમય દરમ્યાન હાજર તમામ બાળકોના ચહેરા પર હવે શું થશે તેની ઉત્તેજના તેમના ચહેરા અને આંખમાં સ્પષ્ટ જણાઈ આવતી હતી અને પ્રયોગ પૂર્ણ થતા તેઓ ખડખડાટ હસતા એ મુક્તહાસ્ય જોઈને ગંભીર ચહેરાવાળા લોકોના મુખ પર હાસ્ય આવીને બેસી જતું. બાળકોના વાલીતો હસતાજ હતા પરંતુ સમાજના ટ્રસ્ટી પ્રવીણભાઈ શાહ, મધુકરભાઈ ડગલી અને સંજયભાઈ કોઠારી પણ તેમના હાસ્યને રોકી શક્તા ન હતા. આવો સુંદરમજાનો કાર્યક્રમ રહ્યો.

આ ફંડના મુખ્ય દાતા ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ આત્મારામ શાહ, ટ્રસ્ટીશ્રી મધુકરભાઈ ડગલી, ટ્રસ્ટી અને ઉપપ્રમુખશ્રી સંજયભાઈ કોઠારી, મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારી, પૂર્વમંત્રી અને તંત્રીશ્રી, પંકજભાઈ તથા ભામિનીબહેન બાવિશી, પૂર્વ મંત્રી સુરેશભાઈ અન સીમાબહેન શાહ, ખજાનચી સુધીરભાઈ શાહ, અતુલભાઈ ABC, ફાલ્ગુનભાઈ અને મીનાબહેન દફતરી, શિક્ષણકમિટીના કન્વીનર ભાવિનભાઈ શાહ, સમુહલગ્ન કમિટીના કન્વીનર ઋષભભાઈ શાહ, કેતનભાઈ અને મીનાબહેન, આઈ.ટી કમિટીના કન્વીનર મનીષભાઈ અને રૂપાબહેન શાહ, મેરેજબ્યૂરો કમિટીના કન્વીનર હસમુખભાઈ અને રેખાબેન શાહ, આઈ.ટી.કમિટીના કન્વીનર ચેતનભાઈ અને તૃપ્તિબહેન, ભાવિનભાઈ સી. શાહ, અમીતભાઈ શાહ, દાતા નીરજભાઈ શાહ, રાજુભાઈ અને સોનલબહેન, અમીતભાઈ અને જીજ્ઞાસાબહેન ગાંધી, દાતા શ્રેણિકભાઈ એમ. શાહ, પંકજભાઈ અને મીતાબહેન શાહ, વી.કે.શાહ, વગેરે દ્વારા વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવ્યું. અત્રે આનંદની વાત એ કરવાની કે ઉપરોક્ત હોદ્દેદારમાં ઘણાં દાતાઓના નામ પણ છે. હજુ હમણાં દાતા બનેલા મુરબ્બી લીલચંદભાઈ બાવિશી ૮૮ વર્ષની ઉંમરે પણ આ કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓનું બહુમાન કરી આર્શીવાદ આપ્યા હતા. કારોબારી સભ્ય પિયુષભાઈ બાવિશી, સહખજાનચી દિપેનભાઈ શાહ, સંજયભાઈ બાવિશી એ પણ હાજર રહી શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

તા. ૨૮ જુલાઈ ૨૦૧૯ને રવિવારે યોજાનાર યુવામેળા વિશે તથા શનિવારે ચાલતા મેરેજબ્યુરો વિશે માહિતી આપવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓ સમયસર આ પ્રોગ્રામમાં વહેલા આવેલા તેવા વિદ્યાર્થીઓને સપપ્રાઈઝ ઈનામ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના અંત ભાગમાં પંકજભાઈ બાવિશીએ જાહેર કર્યું કે, આપણાં સમાજના પૂર્વ મંત્રી અને હાલ કારોબારી સભ્ય, મેરેજબ્યુરોના કન્વીનર મેહુલભાઈ ચીનુભાઈ મહેતાના ધર્મપત્ની આરતીબહેનનું અકસ્માતમાં આકસ્મિક દુઃખદ અવસાન થયું છે. આ કરૂણ ઘટનાને કારણે સૌને આઘાત સાથે દુઃખની લાગણી થયેલ છે. સદ્ગતને શ્રધ્ધાંજલિ અર્પવા આપણે સૌ ઊભા થઈ બે મિનીટનું મૌન પાળીશું. આમ સદ્ગત ને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

શિક્ષણ કમિટીના કન્વીનર શ્રી ભાવિનભાઈ શાહ એ કહ્યુ કે, આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખાસ કરીને યોગેશભાઈ કોઠારી, પંકજભાઈ બાવિશી, ફાલ્ગુનભાઈ દફતરી, કલ્પેશભાઈ શાહ, વગેરેનો હું આભારી છું. મારી શિક્ષણ કમિટીના સભ્યો, તથા પિયુષભાઈ શાહ, કુનાલભાઈ શાહ, પંકજભાઈ શાહ, બહેન વર્ણિકા, ફોરમ, હેતલ, પ્રિયા, ક્રિષ્વા, ઓફિસ સ્ટાફ તથા પ્રત્યક્ષ કે પરોક્ષરીતે સહભાગી બનનાર સર્વેનો હું આભારી છું. કાર્યક્રમનું સંચાલન ફાલ્ગુનભાઈ દફતરી તથા કેતનભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું.

ધો.૯માં પ્રથમ આવનાર એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીનીને રૂ. ૧૦૦૦ના એમ કુલ બે ઈનામ આપવામાં આવે છે. આ માટે ''કાન્તાબેન મગનલાલ ભુદરદાસ શાહ'' તરફથી રૂ. ૨૫,૦૦૦ સમાજમાં આપવામાં આવ્યા છે. આ રકમમાં શ્રી ચેતનભાઈ મગનલાલ શાહ દ્વાર રૂ. ૫,૦૦૦ ઉમેરવાની જાહેરાત કરવામાં આવી. ખૂબ ખૂબ આભાર.

# શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન સેવા સમાજ ટ્રસ્ટ- અમદાવાદ

## ઝાલાવાડ સમાજ યુવક મંડળ તરફથી મેડિકલ કમિટીના નેજા હેઠળ મેડિકલ કેમ્પમાં ભાગ લેવા માટેનું ફોર્મ

સભ્ય ન.____________ તા. /૦૯/૨૦૧૯ પહોંચ નં.________

(નોંધઃ દરેક વ્યક્તિ દીઠ અલગ અલગ ફોર્મ ભરવું. ફોર્મ ઝેરોક્ષ કરી શકાશે. વ્યક્તિને જે તે ટેસ્ટ કરાવવાના હોય તે ખાનામાં ટીક કરવું જરૂરી છે.)

સભ્ય નું નામઃ- ____________

સરનામુંઃ- ____________

____________

ફોન નં. (રહે)________(ઓ)________(મોં )________

Whatsapp નં : ________ Email ID: ________

| અનું. | વ્યકિતનું નામ | વ્યક્તિનો સભ્ય સાથેનો સંબંધ | ઉંમર | પુ / સ્ત્રી | Diabetes / Blood Sugar | BMI | ENT | Orthopedics | Ear(Audiometry) | Teeth | Gynecology | ECG | Gastro | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | | | | | | | | |

નોંધ :-

(૧) વ્યકિત દીઠ રૂ ૫૦/- કેમ્પમાં નામ નોંધાવતી વખતે જમા કરાવવા. જમા કરાવેલ/ભરેલ રકમ કોઈપણ સંજોગોમાં પરત મળશે નહિ.

(૨) મેડિકલ ચેક-અપ કેમ્પ ના કાર્યક્રમમાં ફેરફાર કરવાનો અધિકાર સંચાલકને અબાધિત છે.

(૩) મેડિકલ ચેક-અપ કેમ્પમાં લાભ લેનાર સભ્ય તેઓની અંગત જવાબદારી થી ભાગ લે છે તેના માટે ઝાલાવાડ સમાજ કે કેમ્પના કાર્યકરો જવાબદાર નથી

(૪) મેડિકલ ચેક-અપ કેમ્પ દરમ્યાન જોખમ સાથે રાખવું નહિ. આપના સામાન ની જવાબદારી આપની પોતાની છે તેના માટે સંચાલક / કાર્યકરો જવાબદાર નથી.

(૫) ઉપરના નિયમો અંગે કાર્યકરો અને સંચાલકો તરફથી જે કોઈ સૂચના મળે તેનું પાલન કરવા અમો/મેડિકલ કેમ્પ જોડાનાર અમારા બધા કુટુંબીજનો બંધાયેલા છીએ. આ કેમ્પ ફક્ત ઝાલાવાડ સભ્ય અને તેના ફેમિલી મૅમ્બર માટે જ યોજવામાં આવેલ છે.

(૬) મેડિકલ ચેક-અપ કેમ્પમાં ભાગ લેનાર દરેક સભ્યનું કોઈ પણ એક ફોટો ઓળખપત્રની ઝેરોક્ષ અને સમાજદર્પણના સ્ટીકરનું બિડાણ આ ફોર્મ સાથે જરૂરી છે.

(૭) તા. ૦૫-૦૯-૨૦૧૯ થી ૧૦-૦૯-૨૦૧૯ના રોજ ઝાલાવાડ સમાજની ઑફિસના સમય ૧૨થી૬ દરમ્યાન ફોર્મ સ્વીકારવામાં આવશે.

(૮) રાહતદર થી આ કેમ્પ ગોઠવવામાં આવેલ છે જેથી ફક્ત ૫૦૦ વ્યક્તિઓનો સમાવેશ કરી શકાશે. FIRST COME FIRST BASIS થી નામ / ફોર્મ લેવામાં આવશે.

(૯) જો શક્ય હશે તો whatapp થી ફોર્મ સ્વીકારવાની વ્યવસ્થા કરવામા આવશે તો તે whatapp નં. સમાજની ઓફિસથી લેવા પણ તે કોઈ પણ સંજોગોમાં CONFIRMATION મળ્યા વગર રજીસ્ટ્રેશન ગણાશે નહીં તેની ખાસ નોંધ લેવા વિનંતી.

(૧૦) શ્રી ઝાલાવાડ સમાજદર્પણના માહે ઓગષ્ટ ૨૦૧૯ના અંકમાં આપવામાં આવેલ સામાન્ય નિયમો મેં વાંચ્યા છે અને તે મને અને મારા કુટુંબીજનો ને બંધનકર્તા છે.

સભ્યની સહી.________

## કે.એસ.સી.કે.ટ્રસ્ટ - પહોંચની વિગત - તા. ૧૫-૦૭-૨૦૧૯ થી તા. ૧૦-૦૮-૨૦૧૯

| પ.નં. | નામ | વિગત | રકમ |
|---|---|---|---|
| ૧૦૯ | પ્રકાશભાઈ જે. મહેતા | સંકૂલ નિભાવ ફંડ | ૨૯૦૦ |
| ૧૧૦ | કાર્તિકભાઈ અરવિંદભાઈ ત્રિવેદી | સંકૂલ નિભાવ ફંડ | ૩૪૦૦ |
| ૧૧૧ | સંજયભાઈ પટેલ | સંકૂલ નિભાવ ફંડ | ૧૪૦૦ |
| ૧૧૨ | જુગ્નુ જયદીપભાઈ પાઠક | સંકૂલ નિભાવ ફંડ | ૨૯૫૦ |
| ૧૧૩ | કેનીલ રવીન્દ્રભાઈ શાહ | સંકૂલ નિભાવ ફંડ | ૭૮૫૦ |
| ૧૧૪ | ચંદ્રકાન્તભાઈ ધીરજલાલા શાહ | સંકૂલ નિભાવ ફંડ | ૫૩૫૦ |
| ૧૧૫ | સ્વ. ચીમનભાઈ અમૃતલાલ શાહ | કાયમી તપસ્વી બહુમાન | ૫૧૦૦ |
| ૧૧૬ | નરેન્દ્ર અમૃતલાલ શાહ | કાયમી તેજકાન્સર | ૯૦૦૦ |
| ૧૧૭ | અશોકભાઈ અમૃતલાલ શાહ | વિદ્યાર્થી બહુમાન | ૯૦૦૦ |
| ૧૧૮ | મીનાબેન મધુકરભાઈ | વિદ્યાર્થી બહુમાન | ૯૦૦૦ |
| ૧૧૯ | જ્યોત્સ્નાબેન મુકેશભાઈ | વિદ્યાર્થી બહુમાન | ૯૦૦૦ |
| ૧૨૦ | અવનીબેન રાજુભાઈ શાહ | વિદ્યાર્થી બહુમાન | ૯૦૦૦ |
| ૧૨૧ | રાજુભાઈ ધીરજલાલ શાહ | વિદ્યાર્થી બહુમાન | ૯૦૦૦ |
| ૧૨૨ | ભદ્રાબેન રજનીકાંન્ત વોરા | સંકૂલ નિભાવ ફંડ | ૪૮૦૦ |

| પ.નં. | નામ | વિગત | રકમ |
|---|---|---|---|
| ૧૨૩ | ચંદાબેન મોહનલાલ શાહ | સંકુલ નિભાવ ફંડ | ૫૫૦૦ |
| ૧૨૪ | સુરેશભાઈ જયંતીલાલ શાહ | સંકુલ નિભાવ ફંડ | ૨૮૫૦ |
| ૧૨૫ | કેન્સલ | - | - |
| ૧૨૬ | રિષીતભાઈ રવિન્દ્રભાઈ કોઠારી | સંકુલ નિભાવ ફંડ | ૨૮૦૦ |
| ૧૨૭ | હિમંતલાલ અંબાલાલ શાહ | સંકુલ નિભાવ ફંડ | ૫૪૫૦ |
| ૧૨૮ | મીતાબેન વિનોદભાઈ પાટડિયા | સંકુલ નિભાવ ફંડ | ૧૨૫૦ |
| ૧૨૯ | કાન્તાબેન મગનલાલ શાહ | વિદ્યાર્થી બહુમાન | ૫૦૦૦ |
| ૧૩૦ | મનોજભાઈ ગોડલીયા | સંકુલ નીભાવ ફંડ | ૩૪૩૫ |
| ૧૩૧ | પ્રજ્ઞેશભાઈ પંડ્યા | સંકુલ નીભાવ ફંડ | ૨૬૫૦ |
| ૧૩૨ | ભૌમિકભાઈ પટેલ | સંકુલ નીભાવ ફંડ | ૩૮૦૦ |
| ૧૩૩ | બિપીન જગજીવનદાસ બાવિસી | દવાખાના તિથિ. | ૭૫૦૦ |
| ૧૩૪ | ત્રિમૂર્તી એન્ટરપ્રાઈઝ | સંકુલ નીભાવ ફંડ | ૫૫૦૦ |
| ૧૩૫ | પીનલભાઈ સુરેન્દ્રભાઈ કોલસાવાળા | સંકુલ નીભાવ ફંડ | ૬૦૫૦ |
| ૧૩૬ | મયુરભાઈ એચ. શાહ | સંકુલ નીભાવ ફંડ | ૧૮૦૦ |
| ૧૩૭ | મીનાબેન પંકજભાઈ શાહ | સંકુલ નીભાવ ફંડ | ૪૨૫૦ |

## માતુશ્રી શાંતાબેન મનસુખલાલ બાવિશી પ્રેરિત શ્રી ઝાલાવાડ કાયમી કેળવણી ફંડ
## જુદાં જુદાં વર્ષના ઑગસ્ટ મહિનામાં આવેલ રકમના દાતાશ્રીઓ

| ક્રમાંક | મહિનો | રકમ રૂા. | દાતાઓના નામ |
|---|---|---|---|
| ૦૧ | ઑગસ્ટ-૨૦૦૯ | ૨૧,૦૦૦ | સ્વ. મરઘાબેન નવનીતલાલ ધ્રુવ<br>હસ્તે : સુહાસભાઈ જીતેન્દ્રભાઈ ધ્રુવ (કેનેડા) |
| ૦૨ | ઑગસ્ટ-૨૦૦૯ | ૨૧,૦૦૦ | સ્વ. હિંમતલાલ જીવરાજભાઈ વોરાના આત્મશ્રેયાર્થે<br>હસ્તે : રાજવી, જીનાલી, વિણાબેન |
| ૦૩ | ઑગસ્ટ-૨૦૦૯ | ૨૧,૦૦૦ | શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - વાસણા |
| ૦૪ | ઑગસ્ટ-૨૦૧૦ | ૨૫,૦૦૦ | શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - વાસણા |
| ૦૫ | ઑગસ્ટ-૨૦૧૧ | ૨૧,૦૦૦ | શ્રી ભરતભાઈ મોહનલાલ કોઠારી તથા શ્રી કમલેશભાઈ ડી. શાહ પરિવાર |
| ૦૬ | ઑગસ્ટ-૨૦૧૫ | ૨૧,૦૦૦ | સ્વ. નટવરલાલ પૂંજાલાલ મહેતા, હસ્તે : પુષ્પાબહેન નટવરલાલ મહેતા |
| ૦૭ | ઑગસ્ટ-૨૦૧૬ | ૨૧,૦૦૦ | પ. પૂ. કલ્યાણચંદ્ર વિજયજી મહારાજ સાહેબની<br>પુણ્યતિથિ નિમિત્તે (બાપુ મહારાજ) |
| ૦૮ | ઑગસ્ટ-૨૦૧૬ | ૨૧,૦૦૦ | સ્વ. આશાલત્તાબહેન વ્રજલાલ શાહ |
| ૦૯ | ઑગસ્ટ-૨૦૧૭ | ૨૧,૦૦૦ | સ્વ. ડૉ. મુગટલાલ પોપટલાલ બાવિશી |

# ઝાલાવાડ સમાજની પહોંચની ની વિગત તા. ૧૩-૦૭-૨૦૧૯ થી તા. ૧૦-૦૮-૨૦૧૯

| પ.નં. | નામ | વિગત | રકમ |
|---|---|---|---|
| ૨૪૦ | કેન્સલ | કેન્સલ | કેન્સલ |
| ૨૪૧ | છાશ વિતરણ | પેટીમાં આવેલ દાન | ૨૫૮૬ |
| ૨૪૨ | ધર્મેન્દ્રભાઈ ટી. શાહ (બાવિશી) | રસોડું જુદું ફૉર્મ | ૫૦ |
| ૨૪૩ | મેરેજ બ્યૂરો | પ.નં.૩૬૦૫ થી ૨૦ | ૩૭૦૦ |
| ૨૪૪ | સ્વ. પ્રભાવતીબહેન કાન્તિલાલ બાવિશી | કાયમી કેળવણી ફંડ | ૨૧૦૦૦ |
| ૨૪૫ | નીમિશભાઈ શશીકાન્તભાઈ શાહ | નામ ટ્રાન્સફર ફૉર્મ | ૫૦ |
| ૨૪૬ | લતાબહેન મનસુખલાલ શાહ | નવા સભ્યનું ફૉર્મ | ૫૦ |
| ૨૪૭ | ચંદ્રકાન્તભાઈ ધીરજલાલ શાહ | ઘઊં વિતરણ દાન | ૮૦૦૦ |
| ૨૪૮ | વિશાલ શાહ | પ.નં. ૩૭૩૪ ઓનલાઈન | ૧૦૦૦ |
| ૨૪૯ | આશિષભાઈ કમલેશભાઈ શાહ | પ.નં. ૩૬૨૧ ઓનલાઈન | ૩૦૦ |
| ૨૫૦ | શિતલભાઈ રજનીકાંતભાઈ શાહ | નામ ટ્રાન્સફર ફૉર્મ | ૫૦ |
| ૨૫૧ | પ્રમોદભાઈ શાન્તિલાલ શાહ | ઘઊં વિતરણ/કેળવણી | ૫૦૦૦ |
| ૨૫૨ | ભરતભાઈ શાન્તિલાલ શાહ | ઘઊં વિતરણ/કેળવણી | ૫૦૦૦ |
| ૨૫૩ | ઉર્વિલ સુનીલકુમાર શાહ | પ.નં. ૩૬૨૨ ઓનલાઈન | ૩૦૦ |
| ૨૫૪ | સ્વ.ધનજીભાઈ ચુનીલાલ કોઠારી | ઘઊં વિતરણ દાન | ૫૫૦૦ |
| ૨૫૫ | જસવંતીબેન ધનજીભાઈ કોઠારી | ઘઊં વિતરણ દાન | ૫૫૦૦ |
| ૨૫૬ | સ્વ.પુત્રી દીપા યોગેશભાઈ કોઠારી | ઘઊં વિતરણ દાન | ૫૦૦૦ |
| ૨૫૭ | રૂષારભાઈ તરૂણભાઈ શાહ | ઘઊં વિતરણ દાન | ૧૦૦૦ |
| ૨૫૮ | ઊર્મિલાબેન સુરેશચંદ્ર શાહ | ઘઊં વિતરણ | ૨૫૦૦ |
| ૨૫૯ | પ્રવીણભાઈ અમૃતલાલ શાહ | નોટબુક ફોટા યોજના | ૫૦૦૦ |
| ૨૬૦ | મેરેજ બ્યુરો | પ.નં. ૩૬૨૩થી ૩૭ | ૫૧૦૦ |
| ૨૬૧ | વિશાલ અશોકકુમાર શાહ | પ.નં ૩૬૩૭ | ૩૦૦ |
| ૨૬૨ | ભારતીબેન વિનયચંદ્ર વોરા | ઘઊં વિતરણ | ૫૦૦૦ |
| ૨૬૩ | હાદિકભાઈ રજનીકાંતભાઈ | નવા સભ્યનું ફૉર્મ | ૫૦ |
| ૨૬૪ | ભારતીબેન ભરતભાઈ શાહ | નામ ટ્રાન્સફર ફી | ૧૦૦૦ |
| ૨૬૫ | છાસ વિતરણ | પેટીમા આવેલ દાન | ૪૫૦ |
| ૨૬૬ | કુસુમ પ્રકાશન(હ.પંકજભાઈ) | ઘઊં વિતરણ દાન | ૫૦૦૦ |
| ૨૬૭ | શ્રી સેટેલાઈટ શ્વેતાંબર સંઘ | ઘઊં વિતરણ દાન | ૨૫૦૦ |
| ૨૬૮ | મહેશકુમાર જીવણલાલ શાહ | નામ ટ્રાન્સફર ફોર્મ | ૫૦ |
| ૨૬૯ | ઉષાબેન જતીનકુમાર શાહ | નામ ટ્રાન્સફર ફોર્મ | ૫૦ |
| ૨૭૦ | હસમુખલાલ કાન્તિલાલ શાહ | ઘઊં વિતરણ દાન | ૫૦૦૦ |
| ૨૭૧ | માલતીબેન નવીનચંદ્ર શાહ | નામ ટ્રાન્સફર ફોર્મ | ૫૦ |
| ૨૭૨ | અશ્વીનભાઈ કાન્તિલાલા શેઠ | નામ ટ્રાન્સફર ફોર્મ | ૫૦ |

| પ.નં. | નામ | વિગત | રકમ |
|---|---|---|---|
| ૨૭૩ | રચનાબેન કુમુદચંદ્ર મહેતા | કેળવણી ખાતે | ૫૦૦ |
| ૨૭૪ | ડૉ.હર્ષીતભાઈ કુમુદચંદ્ર મહેતા | તબીબી રાહત ખાતે | ૫૦૦ |
| ૨૭૫ | કેન્સલ | કેન્સલ | કેન્સલ |
| ૨૭૬ | શિતલકુમાર જયંતીલાલ મહેતા | નામ ટ્રાન્સફર ફોર્મ | ૫૦ |
| ૨૭૭ | દર્શન નરેંદ્રકુમાર દોશી | નવા સભ્યનું ફોર્મ | ૫૦ |
| ૨૭૮ | વિનુભાઈ સોમચંદ શાહ | નવા સભ્યનું ફોર્મ | ૫૦ |
| ૨૭૯ | મુકેશકુમાર ચંદુલાલ કોઠારી | નવા સભ્યનું ફોર્મ | ૫૦ |
| ૨૮૦ | મેરેજ બ્યુરો | પ.નં ૩૬૪૧થી ૫૦ | ૨૬૦૦ |
| ૨૮૧ | જીગરભાઈ અનિલભાઈ શાહ | ઘઊં વિતરણ દાન | ૨૫૦૦ |
| ૨૮૨ | રાજેશકુમાર વસંતલાલ દોશી | નવા સભ્યનું ફોર્મ | ૫૦ |
| ૨૮૩ | જીગ્નેશકુમાર વસંતલાલ દોશી | નવા સભ્યનું ફોર્મ | ૫૦ |
| ૨૮૪ | પંકજકુમાર મનસુખલાલ બાવિશી | ઘઊં વિતરણ દાન | ૨૫૦૦ |
| ૨૮૫ | મહેન્દ્રભાઈ નાનાલાલ શાહ | ઘઊં વિતરણ દાન | ૨૫૦૦ |
| ૨૮૬ | સાધર્મિક ઘઊં વિતરણ | સાધર્મિક આવક | ૧૦૦૮૦૦ |
| ૨૮૭ | સાધર્મિક ઘઊં વિતરણ | સાધર્મિક આવક | ૯૨૦૦ |
| ૨૮૮ | સાધર્મિક ઘઊં વિતરણ | સાધર્મિક આવક | ૭૬૦૦ |
| ૨૮૯ | નેમીકુમાર અશ્વિનભાઈ કપાસી | કેળવણી ખાતે | ૧૦૦ |
| ૨૯૦ | કલ્પેશભાઈ શિવલાલ શાહ | સગપણ નિમિત્તે | ૧૧૦૧ |
| ૨૯૧ | મનીષભાઈ મહેન્દ્રભાઈ શાહ | સગપણ નિમિત્તે | ૧૧૦૧ |
| ૨૯૨ | અંકિત હર્ષદભાઈ શાહ | નામ ટ્રાન્સફર ફી | ૨૫૦૦ |
| ૨૯૩ | હાર્દિક જીતેન્દ્રભાઈ શાહ | નામ ટ્રાન્સફર ફોર્મ | ૫૦ |
| ૨૯૪ | મહેન્દ્રભાઈ પી.શાહ | પર્યુષણ પર્વ | ૫૦૦ |
| ૨૯૫ | ચેતનભાઈ નટવરલાલ શાહ | નામ ટ્રાન્સફર ફોર્મ | ૫૦ |
| ૨૯૬ | મનીષભાઈ ઈન્દ્રવદનભાઈ શાહ | કેળવણી વિભાગ | ૧૦૦ |
| ૨૯૭ | અતુલભાઈ કેશવલાલ દામાણી | કેળવણી વિભાગ | ૧૦૦ |
| ૨૯૮ | વિશાલ અતુલભાઈ શાહ | નામ ટ્રાન્સફર ફોર્મ | ૫૦ |
| ૨૯૯ | મેરેજ બ્યુરો | પ.ન.૩૬૫૧થી૩૬૫૨ | ૧૦૫૦ |
| ૩૦૦ | રૂષભભાઈ વિપીનભાઈ શાહ | ઘઊં વિતરણ દાન | ૫૦૦૦ |
| ૩૦૧ | જતીનકુમાર નગીનદાસ કોઠારી | નામ ટ્રાન્સફર | ૨૫૦૦ |
| ૩૦૨ | કેતનભાઈ રમણલાલ શાહ | સગપણ નિમિત્તે | ૧૬૦૧ |
| ૩૦૩ | નીરંજનભાઈ ચંદુલાલ શાહ | સગપણ નિમિત્તે | ૧૬૦૧ |
| ૩૦૪ | કેળવણી ખાતે.... | કેળવણી વિભાગ | ૨૮૨૦ |
| ૩૦૫ | નરેશભાઈ ચુનીલાલ શાહ | નવા સભ્ય ફોર્મ | ૫૦ |

# ઝાલાવાડ સમાજની પહોંચની ની વિગત તા. ૧૩-૦૭-૨૦૧૯ થી તા. ૧૦-૦૮-૨૦૧૯

| પ.નં. | નામ | વિગત | રકમ |
|---|---|---|---|
| ૩૦૬ | સ્વ. વિમલકુમાર ભોગીલાલ શાહ | કેળવણી/સાધર્મિક વિધવા સહાય | ૧૦૮૦૦ |
| ૩૦૭ | હાર્દિકભાઈ જયેશભાઈ વોરા | નામ ટ્રાન્સફર ફી | ૩૫૦૦ |
| ૩૦૮ | અશોકભાઈ સાકરચંદ | રસોડુ જુદુ ફોર્મ | ૫૦ |
| ૩૦૯ | જીગ્નેશ ભરતભાઈ શાહ | નવા સભ્ય ફોર્મ | ૫૦ |
| ૩૧૦ | કરણ કેટરર્સ | સમાજ દર્પણ જાહેરાત | ૧૦૦૦ |
| ૩૧૧ | જયંતીલાલ શિવલાલ મહેતા | પર્યુષણ પર્વ | ૫૦૦૦ |
| ૩૧૨ | નિરવભાઈ હરેશભાઈ શાહ | રસોડુ જુદુ ફોર્મ | ૫૦ |
| ૩૧૩ | બ્રાઈટ કોમ્પ્યુટર | સમાજ દર્પણ જાહેરાત | ૩૦૦૦ |
| ૩૧૪ | સ્વ. વિનોદચંદ્ર ત્રંબકલાલ શાહ | કેળવણી સાધર્મિક | ૫૦૦૦ |
| ૩૧૫ | શિરીષભાઈ રમણિકલાલ દફતરી | નવા સભ્ય ફોર્મ | ૫૦ |
| ૩૧૬ | દિલીપકુમાર ચમનલાલ વોરા | સગપણ નિમિત્તે | ૨૬૦૧ |
| ૩૧૭ | ભાવેશભાઈ સેવંતીભાઈ શાહ | સગપણ નિમિત્તે | ૨૬૦૧ |
| ૩૧૮ | મેરેજ બ્યુરો | પ.નં. ૩૬૫૪થી ૬૪ | ૩૧૫૦ |
| ૩૧૯ | દિક્ષાંત જીતેન્દ્રકુમાર શાહ | મેરેજબ્યુરો | ૩૦૦ |
| ૩૨૦ | દિપેશભાઈ ઈન્દ્રવદનભાઈ શાહ | સગપણ નિમિત્તે | ૧૧૦૧ |
| ૩૨૧ | પરાગભાઈ ચંદ્રકાંતભાઈ શાહ | સગપણ નિમિત્તે | ૧૧૦૧ |
| ૩૨૨ | દિવ્યાંશ દોશી | સમાજ દર્પણ જાહેરાત | ૨૦૦૦ |
| ૩૨૩ | નિખિલકુમાર કાન્તિલાલ કપાસી | નવા સભ્ય ફી | ૫૦૦૦ |
| ૩૨૪ | યશ કમલેશભાઈ શાહ | નવા સભ્ય ફી | ૫૦૦૦ |
| ૩૨૫ | પુર્ણિમાબેન રાજેન્દ્રભાઈ શાહ | ૧૨માસીક વિધવા સહાય | ૧૨૦૦૦ |
| ૩૨૬ | નિલમબેન હસમુખભાઈ શાહ | ૧૨માસીક વિધવા સહાય | ૧૨૦૦૦ |
| ૩૨૭ | દીપેનભાઈ હસમુખલાલ શાહ | ઘઊં વિતરણ દાન | ૨૫૦૦ |
| ૩૨૮ | જીજ્ઞેશ ભરતભાઈ શાહ | નામ ટ્રાન્સફર ફી | ૨૫૦૦ |
| ૩૨૯ | જય રાજેશભાઈ શાહ | મેરેજબ્યુરો પ.ન.૩૬૬૫ | ૩૦૦ |
| ૩૩૦ | સરયુબેન હસમુખલાલ વોરા | પર્યુષણ પર્વદાન | ૪૦૦૦ |
| ૩૩૧ | સોનલબેન ઉદયભાઈ વોરા | પર્યુષણ પર્વદાન | ૩૫૦૦ |
| ૩૩૨ | સોનાલીબેન ધીરેનભાઈ વોરા | પર્યુષણ પર્વદાન | ૩૫૦૦ |
| ૩૩૩ | હસમુખભાઈ કાન્તિલાલ શાહ | પર્યુષણ પર્વદાન | ૨૧૦૦ |
| ૩૩૪ | કિશોરભાઈ બાબુલાલ શાહ | કાયમી કેળવણી ફંડ | ૫૫૦૦ |
| ૩૩૫ | દિપ્તીબેન કિશોરભાઈ શાહ | કાયમી કેળવણી ફંડ | ૫૫૦૦ |
| ૩૩૬ | શૌલીબેન કિશોરભાઈ શાહ | કાયમી કેળવણી ફંડ | ૫૦૦૦ |
| ૩૩૭ | અનુષા કિશોરભાઈ શાહ | કાયમી કેળવણી ફંડ | ૫૦૦૦ |
| ૩૩૮ | લીલાવતીબેન કનૈયાલાલ વોરા | પર્યુષણ પર્વદાન | ૫૫૦૦ |

| પ.નં. | નામ | વિગત | રકમ |
|---|---|---|---|
| ૩૩૯ | મેરેજબ્યુરો | | ૩૦૦ |
| ૩૪૦ | મેરેજબ્યુરો | પ.ન.૩૬૬૭થી ૩૬૭૪ | ૧૮૦૦ |
| ૩૪૧ | આશીષભાઈ કિશોરભાઈ શેઠ | નવા સભ્ય ફી | ૫૦૦૦ |
| ૩૪૨ | રાકેશભાઈ દિનેશભાઈ શાહ | નામ ટ્રાન્સફર ફી | ૩૫૦૦ |
| ૩૪૩ | જીગ્નેશભાઈ રમેશચંદ્ર શાહ | નામ ટ્રાન્સફર ફી | ૫૦૦૦ |
| ૩૪૪ | કલ્પેશભાઈ રમેશચંદ્ર શાહ | રસોડુ જુદુ | ૫૦૦૦ |
| ૩૪૫ | ભરતભાઈ મોહનલાલ કોઠારી | ઘઊં વિતરણ | ૧૧,૦૦૦ |
| ૩૪૬ | કાન્તિલાલ ખીમચંદ ડગલી | પર્યુષણ પર્વદાન | ૫૦૦૦ |
| ૩૪૭ | પ્રકાશકુમાર મનહરલાલ શેઠ | નવા સભ્ય | ૫૦૦૦ |
| ૩૪૮ | હેમલભાઈ નીરંજનભાઈ શાહ | નામ ટ્રાન્સફર | ૨૫૦૦ |
| ૩૪૯ | સમીરભાઈ પ્રવીણભાઈ શાહ | નામ ટ્રાન્સફર | ૫૦૦૦ |
| ૩૫૦ | ઉદયકુમાર સુરેશચંદ્ર શાહ | નામ ટ્રાન્સફર | ૫૦૦૦ |
| ૩૫૧ | અતુલભાઈ પ્રવીણભાઈ શાહ | પર્યુષણ પર્વદાન | ૨૫૦૦ |
| ૩૫૨ | કુંદન રીફટેક્ટરસીંસ | ૧૨માસીક વિધવાસહાય ફંડ | ૧૨૦૦૦ |
| ૩૫૩ | મુકેશભાઈ કસ્તુરચંદ કોઠારી | નવા સભ્ય ફોર્મ | ૫૦ |

તા. ૧૯-૦૮-૨૦૧૯ની કારોબારીની બેઠકમાં નીચે જણાવ્યા પ્રમાણેની ખાલી જગ્યા ઉપર નિમર્ણુક કરવામાં આવી છે.

**કારોબારી માંથી બે ટ્રસ્ટીઓ**

(૧) પંકજકુમાર મનસુખલાલ બાવિશી

(૨) પિયુષભાઈ રતિલાલ બાવિશી

**કારોબારીમાંથી બે મંત્રીઓ**

(૧) ફાલ્ગુનભાઈ સૂર્યકાન્તભાઈ દફતરી

(૨) ધનેશભાઈ પ્રવીણભાઈ શાહ

**સંપાદક :- ચેતનભાઈ મગનલાલ શાહ**

**સમાજ વતી ખૂબ ખૂબ અભિનંદન**

**કચ્છ પંચતિર્થિ યાત્રા પ્રવાસ**

**તા. ૩૧-૧૦-૨૦૧૯ થી તા. ૦૩-૦૧૧-૨૦૧૯ (૪ દિવસ) તા. ૩૦ ઑક્ટોમ્બરની રાત્રે ૧ ૨ વાગ્યે ઉપડવાનુ છે. સવિસ્તાર પ્રોગ્રામ હવે પછીના અંકમાં અપવામાં આવશે. બુકિંગ કરાવવા તૈયાર રહેજો.**

ગત માસમાં વિધવા બહેનોને સહાય વખતે કારોબારીના સભ્ય હેમંતભાઈ પરીખ તરફથી ઘી ૫૦૦ ગ્રામ, તેલ ૧ લીટર તથા નીતિનભાઈ રમણલાલ શાહ તરફથી સાડી આપવામાં આવેલ છે. સમાજ બંનેની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

# સમાજનો ૪૩મો સમૂહ લગ્નોત્સવ

શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન સેવા સમાજ ટ્રસ્ટ તથા શ્રીમતી કમળાબેન શાંતિલાલ ચુનીલાલ કપાસી પ્રેરિત
શ્રી ઝાલાવાડ સર્વ કલ્યાણ સાર્વજનીક ટ્રસ્ટ આયોજિત

## જૈન સમાજના સમસ્ત ફીરકાઓને આવરી લેતો ૪૨મો સમૂહ લગ્નોત્સવ

**સંવત ૨૦૭૬ માગસર સુદ-૧૩ (તેરસ) તા. ૦૮-૧૨-૨૦૧૯, રવિવાર**

આ પ્રસંગના દાતાશ્રીઓ ચુડા નિવાસી (હાલ મુંબઈ) શેઠશ્રી શાંતિલાલ ચુનીલાલ કપાસી પરિવારના સભ્યો
શ્રી પરેશભાઈ સેવંતીભાઈ શાંતિલાલ કપાસી, શ્રી ઈન્દુભાઈ શાંતિલાલ કપાસી, શ્રી પંકજભાઈ ધીરૂભાઈ કપાસી

**સ્થળ : હવે પછીના અંકમાં છાપવામાં આવશે.**

**ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૫-૧૧-૨૦૧૯ (વહેલા તે પહેલાના ધોરણે)**

સમૂહ લગ્નમાં નામ નોંધાવવા આવો ત્યારે નીચે જણાવેલ બાબત પ્રત્યે આપનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે.

૧. કન્યા પક્ષ અથવા વર પક્ષવાળામાંથી કોઈપણ એક આપણાં ઝાલાવાડ સમાજના સભ્ય હોય તો રજિસ્ટ્રેશન પેટે રૂા. ૭૫૧/- બંને પક્ષ તરફથી થઈને કુલ રૂા. ૧૫૦૨/-.
૨. કન્યા પક્ષ અથવા વર પક્ષવાળામાંથી કોઈપણ આપણાં સનાજના સભ્ય ન હોય અને બહારના જૈન સમાજના કોઈપણ ઘોળના હોય તો રજિસ્ટ્રેશન પેટે રૂા. ૨૦૦૧/- બંને તરફના થઈને કુલ રૂા. ૪૦૦૨.
૩. બંને પક્ષને અલગ અલગ રીતે જમવાના ૫ + ૫ ફ્રી આપવામાં આવશે. વધારાના પાસ દીઠ રૂા. ૧૪૦/- લેવામાં આવશે.
૪. બંને પક્ષને અલગ અલગ રીતે ૨૫ + ૨૫ કંકોત્રી ફ્રી આપવામાં આવશે. વધારાની કંકોત્રી માટે નંગ દીઠ રૂા. ૨૦/- લેવામાં આવશે.
૫. રજિસ્ટ્રેશન કરાવવા આવો ત્યારે બંને પક્ષના પ્રતિનિધિઓ તથા વર અને કન્યાએ અવશ્ય હાજરી આપવાની રહેશે.
૬. વર તથા કન્યાના લિવિંગ સર્ટિફિકેટ/જન્મ તારીખનું ઓરિજિનલ સર્ટિફિકેટ અને તેની પ્રામાણિત કરેલી ઝેરોક્ષ કોપી સાથે લાવવાની રહેશે.
૭. વર અને કન્યા બંને પક્ષના પાસપોર્ટ સાઈઝના બે-બે રંગીન ફોટોગ્રાફ સાથે લાવવાના રહેશે.

**યોગેશભાઈ આર. કોઠારી** (મંત્રી) * **કિશોરભાઈ બી. શાહ – ઋષભભાઈ વી. શાહ – પંકજભાઈ એમ. બાવિશી** (સમુહલગ્ન કમિટી)

**આ સમૂહ લગ્નમાં આશરે ૧૦ જેટલા કપલો જોડશે તેવી ગણત્રી છે.**

## ૪૩માં સમૂહ લગ્નમાં આપવામાં આવનાર ભેટની યાદી

| ક્રમ | ભેટનું નામ | ક્રમ | ભેટનું નામ |
|---|---|---|---|
| ૧. | પાનેતર | ૧૨. | સ્ટીલનો ગોળ ડબ્બો (રોટલી/ખાખરા મુકવા) |
| ૨. | ઘરચોળું | ૧૩. | કેશ રોલ નંગ-૧ |
| ૩. | સફારી સુટ (કાપડ) | ૧૪. | ૪ તપેલીનો સેટ (છીબા સાથે) |
| ૪. | ફીલીપ્સ બ્લાઈન્ડર | ૧૫. | સ્ટીલનો બુફે સેટ-૧ |
| ૫. | આણાની બેગ | ૧૬. | પૂજાની જોડ |
| ૬. | મોલ્ડેડ ખુરશી નંગ-૨ | ૧૭. | કટાસણું, ચરવળો, નવકાર વાળી ભગવાનનો ફોટો ફ્રેમ |
| ૭. | સ્ટીલની નળી | | |
| ૮. | કુકર | ૧૮. | મા-માટલાની મીઠાઈ-૧ કીલો |
| ૯. | સ્ટીલનો ગોળ મસાલા ડબ્બો + સ્ટીલનો જગ + સ્ટીલના બાઉલ્સ નંગ-૩ | ૧૯. | હેન્ડ બેગ |
| | | ૨૦. | વૉટર જગ |
| ૧૦. | હોટ એન્ડ કોલ્ડ ટિફીન તથા ચ્હા-ખાંડના સ્ટીલના ડબ્બા-૨ કિલો-૧ સાકર, લીલો રેજો-૧. | ૨૧. | સ્ટીલનો તાસ-૧ |
| | | ૨૨. | વૉલ ક્લોક |
| | | ૨૩. | સુતરના દડા |
| ૧૧. | સ્ટીલનું ડોલચું + કંકાવટી + બુફે સેટ-૪, ડીશ-૪, વાટકી-૪, ગ્લાસ-૪, ચમચી-૪ | ૨૪. | કન્યા માટેની 'લેડીઝ કીટ' |
| | | ૨૫. | કન્યાઓ માટે ડ્રેસ મટીરિયલ |

## ✚ સાર્વજનિક દવાખાનાની ઑગસ્ટ - ૨૦૧૯ / અષાઢ માસની તિથિના દાતાઓનો આભાર ✚

સમાજના સર્વે સભ્યશ્રીઓને જણાવવાનું કે આપણાં સમાજ દ્વારા રાહત દરથી દવાખાનું ચલાવવામાં આવે છે. કોઈપણ જ્ઞાતિ કે જાતિના ભેદભાવ વગર દરેક જરૂરિયાતમંદ લોકો આ સેવા યજ્ઞનો લાભ લઈ રહ્યાં છે. આ દવાખાનાના ખર્ચ અંગે સમાજ દ્વારા રોજના રૂા. ૫,૦૦૦ની એક તિથિ પ્રમાણે (હાલ રૂા. ૭૫૦૦) આર્થિક સહયોગ આપવાની અપીલના જવાબમાં સમાજના સભ્યશ્રીઓનો તથા અન્ય મહાનુભાવોનો સારો એવો સહયોગ મળેલ છે. સરયુ-હસુ ઝાલાવાડ સાંસ્કૃતિક ભવનની બાજુની જગ્યામાં સાર્વજનિક દવાખાનું તા. ૦૧-૦૬-૨૦૧૭થી શરૂ કરી દેવામાં આવેલ છે. આપને ત્યાં આવતા સારા-માઠા પ્રસંગોએ જરૂરથી સાર્વજનિક દવાખાનાની એક તિથિ પેટે રૂા. ૭,૫૦૦ આપી લાભ લેવા વિનંતી. તિથિની રકમના વ્યાજમાંથી દવા અને જરૂર પડે તો ઈન્જેક્શન આપવામાં આવે છે.

| તારીખ | દાતાનું નામ | વિગત | ક્રમાંક |
|---|---|---|---|
| ઑગસ્ટ-૦૧ | (૧) સ્વ. ઈન્દુબહેન કાન્તિલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૦૧ |
| ઑગસ્ટ-૦૨ | (૧) વિપીનભાઈ વાડીલાલ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૦૨ |
| | (૨) સરોજબહેન પ્રવીણભાઈ શાહ (કપાસી) | પુણ્યતિથિ નિમિત્તે | ૦૩ |
| ઑગસ્ટ-૦૩ | (૧) સ્વ. અમૃતલાલ કુંવરજીભાઈ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૦૪ |
| | (૨) સ્વ. બાપુલાલ વાડીલાલ દુધિયા | પુણ્યતિથિ નિમિત્તે | ૦૫ |
| ઑગસ્ટ-૦૫ | (૧) ધીરૂભાઈ મંગળદાસ કાપડિયા | જન્મદિવસ નિમિત્તે | ૦૬ |
| ઑગસ્ટ-૦૬ | (૧) અમોલાબહેન લલીતભાઈ શાહ (કોલસાવાળા) | જન્મદિવસ નિમિત્તે | ૦૭ |
| ઑગસ્ટ-૦૯ | (૧) ભામિનીબહેન અને પંકજ મનસુખલાલ બાવિશી | અમેરિકા યાત્રા નિમિત્તે | ૦૮ |
| ઑગસ્ટ-૧૦ | (૧) સેજલબહેન રૂપેશભાઈ ચૈતન્ય | જન્મદિવસ નિમિત્તે | ૦૯ |
| ઑગસ્ટ-૧૧ | (૧) સ્વ. સુભદ્રાબહેન ધીરજલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૧૦ |
| | (૨) પુરુષોત્તમભાઈ લક્ષ્મીચંદ બાવિશી | જન્મદિવસ નિમિત્તે | ૧૧ |
| ઑગસ્ટ-૧૨ | (૧) સ્વ. નટવરલાલ પુંજાલાલ મહેતા | પુણ્યતિથિ નિમિત્તે | ૧૨ |
| | (૨) સૂર્યકાન્તભાઈ આર. મહેતા | જીવિત નજરાણું નિમિત્તે | ૧૩ |
| ઑગસ્ટ-૧૭ | (૧) રાજેન્દ્રભાઈ ચુનીલાલ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૧૪ |
| ઑગસ્ટ-૧૮ | (૧) શાન્તિલાલ ચુનીલાલ કપાસી | — | ૧૫ |
| ઑગસ્ટ-૧૯ | (૧) પુરવ ધર્મેશભાઈ ચીનુભાઈ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૧૬ |
| ઑગસ્ટ-૨૧ | (૧) સ્વ. ચંપાબહેન મણિલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૧૭ |
| ઑગસ્ટ-૨૫ | (૧) રિયા પરેશભાઈ કપાસી | જન્મદિવસ નિમિત્તે | ૧૮ |
| | (૨) સ્વ. લાભુબહેન નટવરલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૧૯ |
| ઑગસ્ટ-૨૬ | (૧) જયંતિલાલ ગાંડાલાલ ગાંધી | પુણ્યતિથિ નિમિત્તે | ૨૦ |
| | (૨) પ્રતાપભાઈ ધીરજલાલ નારેચાણિયા | જન્મદિવસ નિમિત્તે | ૨૧ |
| ઑગસ્ટ-૨૭ | (૧) ચિ. ધન્વી : અનિલભાઈ ગીરધરલાલ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૨૨ |
| ઑગસ્ટ-૨૮ | (૧) ભક્તિ નિમેષભાઈ કપાસી | જન્મદિવસ નિમિત્તે | ૨૩ |
| | (૨) સ્વ. શશીકાન્ત હરિલાલ શાહ (ભામિનીબહેન બાવિશી) | પુણ્યતિથિ નિમિત્તે | ૨૪ |
| | (૩) સ્વ. ગીરધરલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૨૫ |
| | (૪) સ્વ. સુભદ્રાબહેન રમણલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૨૬ |
| | (૫) પૂ. કલ્યાણચંદ્ર વિજયલાલ (બાપુ મહારાજ) | કાળધર્મ નિમિત્તે | ૨૭ |
| ઑગષ્ટ-૩૦ | (૧) મિતેષભાઈ હસમુખલાલ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૨૮ |

| | | | |
|---|---|---|---|
| સુદ-૦૬ | (૧) સ્વ. સવિતાબહેન કાન્તિલાલ પરીખ | પુણ્યતિથિ નિમિત્તે | ૦૧ |
| વદ-૦૪ | (૧) સ્વ. પ્રભાવતીબહેન શાંતિલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૦૨ |
| વદ-૦૮ | (૧) હિનાબહેન અને અનિલકુમાર બાવિશી | લગ્નદિવસ નિમિત્તે | ૦૩ |
| | (૨) ઉદયભાઈ હસમુખલાલ વોરા | જન્મદિવસ નિમિત્તે | ૦૪ |
| | (૩) ગુણવંતીબહેન ચંદ્રકાન્તભાઈ શેઠ | જન્મદિવસ નિમિત્તે | ૦૫ |

## પાત્ર પસંદગી જીવનસાથી યુવામેળો

✍ પંકજભાઈ બાવિશી

કોઈપણ જ્ઞાતિ કે સમાજના અમૂક ચોક્કસ કાર્ય હોય છે. સમયાંતરે આ કાર્ય થતાં જ રહે છે. આપણા ઝાલાવાડ સમાજ દ્વારા શિક્ષણના, યાત્રા પ્રવાસના, સાધાર્મિકના, મેડિકલના, સમુહલગ્ન, તપસ્વી બહુમાન અને મેરેજ બ્યુરો-યુવામેળાના સુકાર્યો થાય છે. પરંતુ આજના સમયમાં ગરીબ, મધ્યમવર્ગીય અરે ! સુખી પરિવારોને જે પ્રશ્ન નડી રહ્યો તે છે પોતાના સંતાનોના વેવિશાળ અને લગ્ન. દિકરા-દીકરીના વેવિશાળ અને લગ્નના વિકટ પ્રશ્નના નિરાકરણ માટે આપણા સમાજ દ્વારા દર શનિવારે મેરેજ બ્યુરોની કામગીરી કરવામાં આવે છે. એક મહેનતુ અને કર્મયોગી ટીમ દ્વારા વાલીઓને માર્ગદર્શન અને યોગ્ય સહાય કરવામાં આવે છે. આ કાર્યના યશ કલગીરૂપ સુકાર્ય એટલે યુવામેળો. એક સ્ટેજ ઉપર વેવિશાળ યોગ્ય યુવક-યુવતીને ભેગા કરવા અને પ્રત્યક્ષરૂપે તેમને નિભાવી, તેમના વિચારોનું આદાન પ્રદાન કરી યોગ્ય પસંદગી કરવી. આવી તક ભાગ્યે જ મળે છે. કારણ કે ઘણાંબધા પાત્રો હોવાથી મનગમતા પાત્રની પસંદગી કરવાનો પૂર્ણ અવકાશ મળે છે.

ઝાલાવાડ સમાજ દ્વારા આ તક પુરી પાડવામાં આવે છે. પણ એક વાત તરફ સૌનું ધ્યાન દોરવાનું છે કે, યુવકોની નોંધણી કરતા યુવતીઓની નોંધણી ઘણી ઓછી થાય છે અને તેમાં પણ સ્ટેજ ઉપર યુવતીઓ ઓછી આવે છે. માટે યોગ્ય બેલેન્સ જળવાતું નથી. આ વાતને ધ્યાનમાં રાખી થોડું આશ્વાસન મળે છે કે ચાલો ફૂલ નહિં પણ ફૂલની પાંખડીની જેમ જેટલું થાય છે કે થઈ શકે છે તેનાથી સંતોષ માનીએ. તમારા માતા-પિતાની ચિંતામાં ઘટાડો થાય. રૂપ, રંગ, નાણાં કે બાહ્ય દેખાવ કરતાં વિચારોની સામ્યતાને પ્રાધાન્ય આપવું જોઈએ. પરમ કૃપાળુ શાસન દેવને પ્રાર્થના કરીએ કે, આપ સૌની મનોકામનાઓ પૂર્ણ થાય અને દરેકને મનગમતું યોગ્ય પાત્ર મળી રહે.

સમય વહેતો જાય એમ વહેવાર બદલાતા જાય છે. પરંતુ ક્યારેક તે ફેરફાર નુકશાન કારક બની રહે છે. આજના સમાજમાં જ્ઞાતિમાં ગમે તે હોય પરંતુ દરેકનો એક કોમન પ્રશ્ન ઊભો થયો છે. તે છે સંતાનોના સગપણ અને લગ્નનો. કેમ આવું થયું તેનો ક્યારેય વિચાર કર્યો છે ? પહેલાનાં સમયમાં આપણાં પિતા-દાદા-મામા-ફૂઆ વગેરે કોઈ સારા પ્રસંગમાં ગયા હોય અને ત્યાં ખાનદાન પરિવારનો સંપર્ક થાય તો તેના દિકરા કે દીકરી સાથે પોતાની દીકરી કે દિકરાનું નક્કી કરી નાખતા હતાં. ક્યારેક એક-બીજાને જોયા પણ ન હોય તેવું બનતું હતું. પરંતુ હવે તો કોઈ કોઈને બતાવવા પણ તૈયાર નથી, આવું કેમ ? ઘણાં કારણો છે, અત્યારે તેની વાત કરવી નથી. પરંતુ આ પરિબળોના નિરાકરણ માટે મેરેજ બ્યુરો કે યુવા મેળા શરૂ થયા. સગપણનો થોડો પ્રશ્ન હલ થયો છે પરંતુ ધાર્યું પરિણામ હજી મળતું નથી.

શ્રી ઝાલાવાડ મૂ.પૂ. જૈન સેવા સમાજ દ્વારા ચાલતા મેરેજ બ્યુરો દ્વારા યુવામેળાનું આયોજન કરવામાં આવેલ. સફળતા માટે આપણે તો મહેનત કરવાની છે બાકી જોડી તો ઉપરવાળો જોડી દેતો હોય છે. જેને ગમતું મળે તે નસીબદાર કહેવાય છે. પરંતુ જે મળ્યું છે તેને પ્રસાદરૂપનો પૂર્ણ સતોષ મળશે. જન્માક્ષરની માગણી થાય છે. ગ્રહો અને ગુણાંક મેળવવા પરંતુ અત્યારના જમાનામાં જરૂર છે. વિચારો અને બ્લડગ્રુપ મેળવવાની, કારણ કે તેનાથી આત્મિયતા વધશે અને ભવિષ્યમાં રોગો દૂર રહેશે. હેન્ડસમ કે બ્યુટીફુલ છોકરો કે છોકરી જ જોઈએ તેના કરતાં પાણીદાર યુવાન અને હવેના જમાનામાં સમોવડી બનવા ઈચ્છતી યુવતીને પસંદ કરો. તમારું ઘર આપોઆપ સ્વર્ગ બનશે.

આપણા સમાજ દ્વારા દર શનિવારે ચાલતા મેરેજ બ્યૂરો દ્વારા અવિવાહીત યુવક અને યુવતીઓ માટે યોગ્ય પાત્રની પસંદગીની તક મળી રહે તે માટે 'યુવામેળો' યોજવામાં આવે છે. તા. ૨૮-૦૭-૨૦૧૯ રવિવારના રોજ ૩૧મો યુવામેળો યોજવામાં આવેલ હતો. બરાબર સવારના ૮-૦૦ના ટકોરે યુવક અને યુવતીઓ માતા-પિતા કે પરિવારના સભ્યો સાથે આવવાની શરૂઆત થતાં સૌથી પહેલા તેઓ આવ્યા છે તે મતલબનું રજીસ્ટ્રેશન કરવામાં આવતું હતું. મેરેજબ્યુરોના કાર્યકર ભાઈ-બહેનોએ આ જવાબદારી સંભાળી હતી. આવનાર દરેક માટે સવારની નૌકારશીની વ્યવસ્થા રાખવામાં આવેલી જેમાં ગરમાગરમ મગ, ખાખરા, પૌઆ, ગાઠીયા, ચા-કોફી વગેરે પીરસવામાં આવ્યા ત્યારબાદ દરેક પોતાની બેઠક લઈ પ્રોગ્રામ શરૂ થાય તેની રાહ જોવા લાગ્યા. સમાજની કારોબારીના સભ્ય અને આઈ.ટી. વિભાગ સંભાળતા શ્રી ચેતનભાઈ મગનલાલ શાહ દ્વારા સૌને મીઠો આવકાર આપવામાં આવ્યો. ત્યારબાદ પરમાત્માના ફોટા પાસે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ધૂપ પૂજા કરી, ગુલાબનો હાર પહેરાવી પ્રભુ વંદના કરવામાં આવી. આ વિધિમાં ટ્રસ્ટી મધુકરભાઈ ડગલી, ટ્રસ્ટી સંજયભાઈ કોઠારી, મંત્રી યોગેશભાઈ કોઠારી, મેરેજ બ્યૂરે-યુવામેળાનો વિભાગ સંભાળતા શ્રી હસમુખભાઈ શાહ, પૂર્વમંત્રી અને તંત્રીશ્રી પંકજભાઈ બાવિશી, પૂર્વ મંત્રી સુરેશભાઈ શાહ, મેરેજ બ્યૂરોના કન્વીનર પૂર્વ નીતિનભાઈ કપાસી, પિયુષભાઈ બાવિશી, હેમંતભાઈ પરીખ, કિશોરભાઈ શાહ, વગેરે જોડાયા હતા.

દીપ પ્રાગટ્ય બાદ મંચસ્થ મહાનુભવોમાંથી સૌ પ્રથમ ટ્રસ્ટીશ્રી સંજયભાઈ કોઠારીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, આજે અત્રે ઘણી સારી સંખ્યા જોઈ આનંદ થયો. આપે ઝાલાવાડ સમાજનું પ્લેટફોર્મ પસંદ કર્યું તે માટે આભાર. હસમુખભાઈને તેમની ટીમ સાથે ધન્યવાદ. તેઓને પણ ધન્યવાદ. અત્યારે ઓનલાઈન જમાનો છે. છતાં પણ તમો રૂબરૂ આવ્યા છો. ઓનલાઈનમાં બતાવે કંઈક અને આપે કંઈક. મેં ઓન લાઈન જર્મનથી લાઈટ મંગાવી પણ તે ખોટી આવી. છેતરામણ થાય છે. લાડવા બે પ્રકારના છે. મેથીનો લાડવો કડવો પણ ગુણમાં ઉત્તમ. બુંદીનો લાડવો મીઠો પણ ડાયાબિટીસ કરે. વસ્તુપાળે તેમની પત્નીનું મોઢું જોયું ન હતું. રાત્રે જ્યારે મોઢું જોયું તો કહ્યું કે, અનુપમાદેવી આપણા સગવડીયા લગ્ન કરાવવામાં આવ્યાં છે. મને તું ગમતી નથી. તમે તમારા પિયર જતાં રહો. અનુપમાદેવીએ આજીજી કરી. હું તમારી દાસી બનીને રહીશ. તેઓ ભલે રંગે કાળા હતા પરંતુ ગુણમાં સર્વોચ્ચ હતા. ઝાલાવાડ સમાજનું પ્લેટફોર્મ લક્કી છે. ૧૯૮૮માં તે સમયે યુવામેળામાં હું પણ એક ઉમેદવાર હતો. મારા મોટા ભાઈ પણ ઉમેદવાર હતા. તે સમયે મારા પિતાશ્રી ઝાલાવાડ સમાજના પ્રમુખ હતા. હું અમેરિકાથી પરત આવેલો. મારા માટે ૧૦ મુલાકાત આવેલી. તેમાં એક યુવતી પસંદ થયેલી પરંતુ ત્યાં મારા લગ્ન ન થયા. આમ આવા યુવામેળા દ્વારા પસંદગીને તક મળે છે. સર્વેને શુભેચ્છા.

ટ્રસ્ટી મધુકરભાઈ ડગલીએ પોતાના આશીર્વાદ આપતા જણાવ્યું કે આપ સૌને જોઈને ઝાલાવાડ સમાજ ગૌરવ અનુભવે છે. ઝાલાવાડ સમાજ ૬૪ વર્ષ જૂનો સમાજ છે. પ્રવૃત્તિથી ધમધમતો સમાજ છે. આ ૩૧મો યુવામેળો છે. સગપણ પણ થાય, લગ્ન પણ થાય છે. તેઓ આજે સુખી છે. યુવામેળો એટલે પસંદગીની તક. પ્રેક્ટીકલ થવું જોઈએ. બહેનો યુવામેળામાં ભાગ લેતી નથી. કુંવારી બહેનોની સંખ્યા વધુ છે તેમ છતાં તેઓ યુવામેળામાં જોડાતા નથી. અત્રે આવો તો યુવકોને રૂબરૂ જોવાનો લાભ મળે. વડીલોનું બર્ડન ઓછું થાય. પહેલાના સમયમાં તો વડીલો યુવક કે યુવતીને જોતા અને નક્કી કરી નાખતા હતા. યુવક કે યુવતીએ તો એકબીજાને જોયા પણ ન હોય. પણ હવે જમાનો બદલાયો છે. ઝાલાવાડ સમાજ દ્વારા વૅબસાઈટ મૂકવામાં આવી છે. તમારી અનુકુળતા પ્રમાણે જોજો. આ કાર્યક્રમ તમારા માટે છે. ઝાલાવાડ સમાજ ઉદાર છે. દરેક ઘોળના ભાગ લઈ શકે છે. આ યુવામેળાનો પ્રચાર કરજો. જૈન દીકરીઓ ક્યાંક પ્રેમલગ્નમાં ન ફસાય. યુવામેળો એ અમારી દીર્ઘ દૃષ્ટિ છે. સમાજની આ વાડી બધાં માટે ખૂબજ ઉપયોગી છે ભાગ લોજો.

મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારીએ તેમની વાત કરતાં સમાજના મંત્રી તરીકે અત્રે પધારેલા સર્વેનું ભાવભીનું સ્વાગત કર્યું. દરેકને શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, પરીક્ષમાં દરેકનું પરિણામ એક સરખું આવતું નથી. બધાનો નંબર આવતો નથી. ગમતું મળે તો સારું. ન મળે તો જે મળ્યું છે તેનો સ્વીકાર કરીએ. ભગવાને ઉપરથી જોડી બનાવી છે. તેમાં સફળતા મળે. મેરેજ બ્યૂરો દ્વારા કરાતી મહેનત ફળે. વધારે ટાઈમ ન લેતા સારા સમાચાર આપજો. અને છેલ્લે એ ખાસ જોજો કે, તમારા માતા-પિતાને ડસ્ટબીન ના નામે સંબોધનારની પસંદગી ન થઈ જાય. યુવતી જો આવું વિચારતી હોય તો તેણે એ વિચારવાની જરૂર છે કે, તારી થનારી ભાભી કે થઈ ગયેલી ભાભી જો આવું વિચારે તો તારા માતા-પિતાની શું હાલત થાય ? માટે યુવકના માતા-પિતાએ મારા માતા-પિતા છે. અને યુવતીના માતા-પિતાએ યુવકના માતા-પિતા છે આવી સમજ જે દિવસે આવશે ત્યારે ઘરડાઘર બંધ થઈ જશે. આ યુવામેળો સૌને ઈચ્છિત પરિણામ આપે તેવી શુભકામના સાથે પરમાત્માના યાદ પંકજમાં પરમ વંદના.

સમાજના પૂર્વમંત્રી સુરેશભાઈ શાહે કહ્યું કે, બધાએ કહ્યું કે, હું અહિં મેમ્બર હતો. અમે ન હતા એટલા માટે કે, અમોને આ પરિસ્થિતિ જોવા ન મળી. પિતાજી કહે કે, આ ચાર જગ્યાએ જોવા જવાનું છે. અમે જતાં, અને નક્કી થઈ જતું, અત્યારે છોકરા-છોકરીઓને ફ્રિડમ મળી છે. તે ઘણાં પ્રશ્નો કરે છે. મા-બાપને ખાસ વિનંતી છે અત્યારે તેઓ કહે છે કે, મારો દિકરો-દિકરી હા પાડે તો વાત આગળ ચાલે. પહેલાં આવું ન હતું. અહિં બેઠેલા સમાજના મહાનુભાવ છે. માતા-પિતાનું સાંભળજો. અત્યારે વાલી કહે છે કે, અમે બોલાવીએ તો કહે છે કે ૧૫,૦૦૦નો પગાર હોય તો શું થાય ? સીમાબહેન મારા વાઈફ છે. તે સમયે હું ૫,૦૦૦ પણ કમાતો ન હતો. ઈન્કમ ન હોય તો સારું ન મળે, પણ સારું ન મળે તો દેખાવ ન જોશો. મોટામાં મોટી પસંદગીમાં પૂછે છે કે, ઘરમાં સભ્યો કેટલા છે ? ઉંમરવાળા કેટલા ? દરેકને એકલા રહેવું છે. વડીલોને સાચવવા નથી, માટે લાંબુ ખેંચાય છે. તમારી ઉંમર પણ થશે. તમારા સંતાનોને પણ પરણાવવા માટે આવા પ્રશ્નો થશે. કોઈને બાપુનગર, નરોડા જવું નથી. **K.S.C.K.**ના પ્રમુખ પ્રવીણભાઈ શાહ પહેલા મંગળ પારેખના ખાંચામાં રહેતા હતા. આજે મલ્ટીમિલ્યોનર છે. તમારા ઘરમાં છ ડીશ, છ કપ-રકાબી જોઈએ વધું કશું ન જોઈએ.

**K.S.C.K.**ના પ્રમુખ પ્રવીણભાઈ શાહે પોતાની વાત ટુંકમાં કહેતા અહિં જે આવ્યા છે તેમણે ચાર મહાનુભવોને સાંભળ્યા. હવે જે માટે આવ્યા છો તેની ઉત્સુકતા છે. દરેકને એમ છે કે, આજે મારા લગ્નજીવન માટે સારું પાત્ર મળે. તમારી આશા ફળીભૂત થાય. આપની ઈચ્છા, પસંદગીના ધોરણે અલગ-અલગ હશે. વેલ અજ્યુકેટેડને વેલ અજ્યુકેટેડ પાત્ર જોઈએ. પાત્રતા-લાયકાત અલગ-અલગ હોય છે. આ બુકમાં દરેકના પરિચય આપવામાં આવ્યો છે. અહિં સાથ સહકાર આપશો.

યુવા મેળામાં પાત્ર પરિચય શરૂ કરવામાં ઘણો સમય પસાર થઈ ગયો હોવાથી અન્ય હોદેદારો કે મહાનુભાવોનું વક્તવ્ય રાખવામાં ન આવતાં મેરેજ બ્યૂરોમાં જે કાર્યકરો સેવા આપે છે તેમની કદર રૂપે તેમનું બહુમાન શરૂ કરવામાં આવ્યું. લાલકાકાનું પ્રવીણભાઈ શાહ, સેવંતીભાઈ ધામિનું સંજયભાઈ કોઠારી, જશુભાઈ ગાંધીનું મધુકરભાઈ ડગલી, શોભાબહેન નારિચાણીયાનું સીમાબહેન શાહ, લીનાબહેન, ભામિનીબહેન બાવિશી, રેખાબહેન શાહનું સીમાબહેન શાહ, અરવિંદભાઈ ગોસલીયા (સુ.નગર)નું યોગેશભાઈ કોઠારી, હસમુખભાઈ શાહનું પ્રવીણભાઈ શાહ, મેહુલ મહેતાનું સંજયભાઈ કોઠારી, નીતિનભાઈ કપાસીનું સુરેશભાઈ શાહ દ્વારા કુમકુમ તિલક, મોતીની માળા, ભેટ અને શાલ દ્વારા બહુમાન કરવામાં આવ્યું.

ત્યારબાદ યુવક-યુવતીઓનો પરિચય શરૂ કરવામાં આવ્યો. આ પ્રક્રિયાનું સુકાન એંકર સુશ્રી હિનાશાહ અને પરેશભાઈ શાહ દ્વારા સંભાળવામાં આવ્યું. બપોરના ભોજનના વિરામ બાદ જે યુવતી, જે યુવકને મળવા માટે ચીઠ્ઠી દ્વારા નંબર મોકલાવે તેમની મુલાકાત કરાવવામાં આવી.

આજના આ યુવામેળામાં ઝાલાવાડ સમાજના ઉપપ્રમુખ અને ટ્રસ્ટી સંજયભાઈ કોઠારી, પૂર્વ પ્રમુખ અને હાલ ટ્રસ્ટી પ્રવીણભાઈ શાહ, ટ્રસ્ટી મધુકરભાઈ ડગલી, મંત્રી યોગેશભાઈ કોઠારી, પૂર્વ મંત્રી અને હાલ તંત્રી પંકજભાઈ બાવિશી, પૂર્વમંત્રી સુરેશભાઈ શાહ, મેરેજબ્યૂરો-યુવામેળાના કન્વીનર હસમુખભાઈ શાહ અને મેહુલભાઈ મહેતા, કારોબારીના સભ્ય અલપેશભાઈ શાહ, ભાવિનભાઈ શાહ, ચેતનભાઈ શાહ, દિલીપભાઈ ડગલી, દિપેનભાઈ શાહ, ફાલ્ગુનભાઈ દફતરી, કલ્પેશભાઈ શાહ, કિશોરભાઈ શાહ, પિયુષભાઈ બાવિશી, સુધીરભાઈ શાહ, ઋષભભાઈ શાહ, કેતનભાઈ શાહ, નીતિન કપાસી, રાજુભાઈ શાહ, મહિલામંડળના પ્રમુખ સીમાબહેન શાહ, ઉપપ્રમુખ ભામિનીબહેન બાવિશી તથા અન્ય મહાનુંભાવો હાજર રહી આ કાર્યક્રમને સફળતા અપાવવામાં મદદ કરી હતી. ઓફિસ સ્ટાફ જીતુભાઈ શાહ, અતુલભાઈ શાહ, સુશ્રી ભૂમિબહેન સતીયા અને પૂર્વ કર્મચારી મનીષભાઈ શાહ દ્વારા વહીવટી કાર્યમાં ખૂબ મદદ કરી હતી.

## પર્યુષણ પર્વ પર સાધર્મિક પરિવારને વિનામૂલ્યે આપવામાં આવનાર ચીજ-વસ્તુ માટે દાતાશ્રીઓ દ્વારા મળેલ દાન

| | |
|---|---|
| રૂ. ૨૫,૦૦૦-૦૦ | ડૉ. મેહુલભાઈ વિનોદરાય મશ્કરિયા |
| રૂ. ૧૫,૦૦૦-૦૦ | સૂર્યકાન્તભાઈ રતિલાલ મહેતા - ગાંધીનગર |
| રૂ. ૧૧,૦૦૦-૦૦ | હસમુખભાઈ ન્યાલચંદભાઈ વોરા |
| રૂ. ૧૧,૦૦૦-૦૦ | પ્રવીણભાઈ આત્મારામ શાહ |
| રૂ. ૧૧,૦૦૦-૦૦ | સંજયભાઈ ભરતભાઈ કોઠારી |
| રૂ. ૧૧,૦૦૦-૦૦ | હેમંતભાઈ રોહિતભાઈ પરીખ |
| રૂ. ૭,૦૦૦-૦૦ | અમોલાબહેન લલિતભાઈ કોલસાવાળા |
| રૂ. ૫,૫૫૫-૦૦ | હસમુખભાઈ શિવલાલ શાહ |
| રૂ. ૫,૫૦૦-૦૦ | લીલાવતીબહેન કનૈયાલાલ શાહ |
| રૂ. ૫,૦૦૦-૦૦ | મધુકરભાઈ જગજીવનદાસ ડગલી |
| રૂ. ૫,૦૦૦-૦૦ | નયનભાઈ રમણિકલાલ શાહ |
| રૂ. ૫,૦૦૦-૦૦ | કાન્તિલાલ ખીમચંદભાઈ ડગલી |
| રૂ. ૫,૦૦૦-૦૦ | જયંતીલાલ શિવલાલ મહેતા |
| રૂ. ૫,૦૦૦-૦૦ | એક સદ્‌ગૃહસ્થ (હ. મૌલિકભાઈ ) |
| રૂ. ૫,૦૦૦-૦૦ | એક સદ્‌ગૃહસ્થ (હ. હેમંતભાઈ પરીખ) |
| રૂ. ૩,૦૦૦-૦૦ | કાન્તાબેન કાન્તિલાલ ડગલી |
| રૂ. ૨,૫૦૦-૦૦ | અલ્પેશભાઈ ભરતભાઈ કોઠારી |
| રૂ. ૨,૫૦૦-૦૦ | યોગેશભાઈ રસિકલાલ કોઠારી |
| રૂ. ૨,૫૦૦-૦૦ | પંકજભાઈ મનસુખલાલ બાવિશી |
| રૂ. ૨,૫૦૦-૦૦ | મનીષભાઈ શશીકાન્તભાઈ શાહ |
| રૂ. ૨,૫૦૦-૦૦ | એક સદ્‌ગૃહસ્થ (હ.કે.આર.શાહ) |
| રૂ. ૨,૫૦૦-૦૦ | અલ્પેશભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| રૂ. ૨,૫૦૦-૦૦ | અતુલભાઈ પ્રવીણભાઈ શાહ |
| રૂ. ૨,૫૦૦-૦૦ | સ્વ.વિનોદભાઈ ચંપકલાલ શાહ |
| રૂ. ૨,૫૦૦-૦૦ | સ્વ.ચંદ્રિકાબેન નીતિનભાઈ કપાસી |
| રૂ. ૨,૫૦૦-૦૦ | વિજયભાઈ રસિકલાલ વોરા |
| રૂ. ૨,૫૦૦-૦૦ | સ્વ.બાબુલાલ મગનલાલ શાહ |
| રૂ. ૨,૧૦૦-૦૦ | હસમુખલાલ કાન્તિલાલ શાહ |
| રૂ. ૨,૧૦૦-૦૦ | સુધીરભાઈ સુરેશચંદ્ર શાહ |
| રૂ. ૨,૦૦૦-૦૦ | પિયુષભાઈ રતિલાલ બાવિશી |
| રૂ. ૧,૦૦૦-૦૦ | ધનેશભાઈ પ્રવીણભાઈ શાહ |
| રૂ. ૧,૦૦૦-૦૦ | દિલીપભાઈ કાન્તિલાલ ડગલી |
| રૂ. ૧,૦૦૦-૦૦ | હસમુખલાલ રતિલાલ કોઠારી |
| રૂ. ૧,૦૦૦-૦૦ | કોકિલાબહેન હસમુખલાલ કોઠારી |
| રૂ. ૫૦૦-૦૦ | મહેન્દ્રભાઈ પી. શાહ |

# શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન સેવા સમાજ ટ્રસ્ટ અમદાવાદ આયોજિત

## શિખરજી + પંચતિર્થિ યાત્રા પ્રવાસ - ૧૭

આપણાં સમાજની પ્રવૃત્તિમાં યશકલગી સમાન શ્રી સમ્મેતશિખરજીનો યાત્રા પ્રવાસ. સમાજની ઈચ્છા છે કે, વધારેમાં વધારે જૈન બંધુ શિખરજીની યાત્રા સમાજ દ્વારા કરે અને તેના પરિણામ સ્વરૂપે દર વર્ષે સફળતાપૂર્વક યોજાતી યાત્રા એટલે સળંગ ૧૭મો યાત્રા પ્રવાસ.

**પ્રવાસ તા. ૩૦-૧૨-૨૦૧૯ થી તા. ૧૧-૦૧-૨૦૨૦ દિવસ ૧૨/૧૩**

**ટિકિટ દર**

**સમાજના સભ્યો માટે**
**રૂા. ૮,૫૦૦/-**

**બુકીંગ તા.૧૫-૦૮-૨૦૧૯થી**
**તા. ૧૯-૦૮-૨૦૧૯સુધી**

**ગેસ્ટ માટે**
**રૂા. ૧૦,૦૦૦/-**

**બુકીંગ તા.૨૦-૦૮-૨૦૧૯થી**
**તા. ૨૩-૦૮-૨૦૧૯સુધી**

બુકીંગ માટે સમાજની ઑફિસે બપોરે ૧૨ થી ૬ કલાક સુધીમાં આવવું. બુકીંગ સમયે ફોર્મ ભરવું ફરજિયાત છે. તમામ પ્રવાસીઓ માટે ફૂલ ટિકિટ છે. અડધી ટિકિટ અથવા સિનિયર સિટીઝન માટે કોઈ અલગ ચાર્જ નથી.

### સૂચનાઓ

૧. બુકીંગ સમયે વ્યક્તિદીઠ ભરવાની રકમ રૂા. ૩,૦૦૦/-
૨. જે સાધર્મિક બંધુઓએ અગાઉ ક્યારેય શિખરજીની યાત્રા ન કરી હોય તેમણે રૂા. ૫,૦૦૦/- વ્યક્તિદીઠ ભરવાનાં રહેશે. બાકીની રકમ દાતાઓ દ્વારા ઉમેરવામાં આવશે. (ખૂટતી રકમના દાતા મળશે તો જ કન્સેસન મળશે નહિતો પૂરાનાણાં ભરવાના રહેશે.)
૩. એક સાધર્મિક કુટુંબમાંથી બે વ્યક્તિને લાભ મળશે.
૪. આ સંપૂર્ણ ધાર્મિક ટૂર હોઈ તમામ યાત્રિકો માટે નવકારશી તથા ચૌવિહાર ફરજિયાત રહેશે.
૫. પ્રવાસ ૨ x ૨ બસ દ્વારા કરવામાં આવશે.
૬. અમદાવાદથી અયોધ્યા અને પારસનાથથી અમદાવાદ ટ્રેનમાં સેકન્ડ સ્લીપર ક્લાસમાં પ્રવાસ કરાવવામાં આવશે.
૭. ધર્મશાળામાં ૧ રૂમની અંદર ૪ થી ૬ વ્યક્તિઓ માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
૮. દરેક પ્રવાસીઓએ પોતાના આઈડી (ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડ) કોઈ પણ એકમાં પોતાની સહી કરેલી ઝેરોક્ષ બુકીંગ વખતે જ આપવાની રહેશે તથા ઓરીજીનલ ચૂંટણી કાર્ડ પ્રવાસ દરમ્યાન સાથે રાખવાનું રહેશે.

| | | | |
|---|---|---|---|
| **યોગેશભાઈ રસિકલાલ કોઠારી** | **કલ્પેશભાઈ ચંદુલાલ શાહ** | **અલ્પેશભાઈ મહેન્દ્રભાઈ શાહ** | **પંકજભાઈ બાવિશી** |
| મો. : ૯૩૨૭૦ ૮૬૬૭૪ | મો. : ૯૮૭૯૫ ૦૮૬૬૫ | મો. : ૯૮૨૪૦ ૧૯૭૬૭ | મો. ૬૩૫૧૪૦૫૭૨૭ |
| (મંત્રી) | | યાત્રા પ્રવાસ વિભાગ | |

# સામાન્ય નિયમો

(૧) દરેક યાત્રિકે બે ફોટા (ફોટાની પાછળ નામ, ઉંમર લખવી), આઈન્ડેન્ટી કાર્ડ (પાન કાર્ડ, ઇલેક્શન કાર્ડ, આધાર કાર્ડ)ની ઝેરોક્ષ ફરજિયાત આપવાનું રહેશે.

(૨) યાત્રા પ્રવાસમાં જોડાનાર સભ્ય કે ગેસ્ટ તેની અંગત જવાબદારીથી જોડાય છે તે માટે ઝાલાવાડ સમાજ કે પ્રવાસના કાર્યકરો જવાબદાર નથી.

(૩) પ્રવાસ કાર્યક્રમમાં ફેરબદલ કરવા માટે સંચાલકો અબાધિત અધિકાર છે તેમજ તે બાબત કોઈપણ પ્રકારનું રીફંડ આપવામાં આવશે નહીં.

(૪) સભ્યોના મહેમાનની વર્તણૂંક માટે તે સભ્યની જવાબદારી રહેશે.

(૫) કોઈપણ સંજોગોમાં પ્રવાસમાં દિવસ વધારો થાય તો આયોજક નક્કી કરે તે રકમ દરેક યાત્રિકોએ ચૂકવવાની રહેશે.

(૬) સાથે આવનાર બાળક ૫ વર્ષથી નાની ઉંમરનો હોય તો તેનો જન્મ તારીખનો દખલો આપવાનો રહેશે. અને ફોર્મ ભરતી વખતે જણાવવાનું રહેશે.

(૭) દરેક ૬ વ્યક્તિના એક ગ્રુપ બનાવવામાં આવશે. અને તે જ ગ્રુપ પ્રમાણે રૂમ ફાળવવામાં આવશે. ધર્મશાળામાં પૂરતા રૂમો લીધા છે. સંજોગવસાત રૂમની ફાળવણી ઓછી થાય તો તેવા સંજોગોમાં રૂમમાં વધુ વ્યક્તિઓનો સમાવેશ કરવાની આયોજકને ફરજ પડશે. ત્યારે યાત્રીઓએ ચલાવી લેવાનું રહેશે. શક્ય હશે તો ઉંમરલાયક વ્યક્તિને નીચે રૂમ આપવામાં આવશે. અન્યથા પહેલા અથવા બીજા માળે અથવા ત્રીજા માળે રૂમ મળે ત્યાં જવાનું રહેશે.

(૮) દરેક ધર્મશાળામાં રૂમોની વ્યવસ્થામાં ફેરફાર હોય છે. ક્યાંક બાથરૂમ અટેચ હોય ક્યાંક ટોયલેટ એટેચ હોય, ક્યાંક જનરલ ટોયલેટ બાથરૂમ હોય છે વ્યવસ્થા મુજબ યાત્રીઓએ ચલાવી લેવાનું રહેશે.

(૯) બુકીંગ વખતે જમા કરાવેલ રકમ કોઈ પણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહીં. બુકીંગની રકમ નોન રીફંડેબલ છે.

(૧૦) બસોની સારી વ્યવસ્થા કરી છે છતાં સંજોગોવસાત સારી વ્યવસ્થા ન હોય તો જેતે વખતે જે વ્યવસ્થા મળશે તે ચલાવી લેવાની રહેશે.

(૧૧) યાત્રા પ્રવાસ દરમ્યાન જોખમ સાથે રાખવું નહિ. યાત્રા પ્રવાસ દરમિયાન સામાનની જવાબદારી યાત્રિકની રહેશે.

(૧૨) યાત્રા પ્રવાસમાં રીક્ષા/ડોલી/ઘોડો/મજૂર/રોપવે/ જોવાલાયક સ્થળોની પ્રવેશ ફી તથા મ્યુઝિયમ ફી વિગેરેના ખર્ચનો સમાવેશ નથી. દરેક યાત્રિકે પોતા હિસાબે/જોખમે પ્રવાસ કરવાનો રહેશે.

(૧૩) કોઈપણ જાતના અકસ્માત, આપત્તિ, ચોરી, લૂંટફાટ, અનિયમિતતા કે નુકસાની સામે સમાજ/આયોજક જવાબદાર રહેશે નહીં. પ્રવાસ દરમ્યાન અકસ્માત અથવા કોઈપણ માંદગીના કારણે જે કોઈ તકલીફ થાય તે માટે સમાજ જવાબદાર રહેશે નહીં.

(૧૪) યાત્રા દરમ્યાન રાત્રિભોજનની કરાવવામાં આવતું નથી.

(૧૫) ખોટા નામ કે નામમાં ફેરબદલી વિજિલન્સ ચેકીંગ દરમિયાન પકડાશે તો જે તે યાત્રિકે તેનો દંડ ભરપાઈ કરવાનો રહેશે.

(૧૬) પ્રવાસ દરમ્યાન ગેરવર્તણૂંક કરનાર યાત્રિકને કોઈપણ જાતનું વળતર આપ્યા વગર જે તે સ્થળેથી છુટ્ટા કરી દેવામાં આવશે તેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

(૧૭) ટ્રેન કે બસોના સમય કાર્યક્રમના લીસ્ટમાં દર્શાવવામાં આવ્યા છે. તેમાં ફેરફાર થઈ શકે છે જે સંજોગોવસાત ટ્રેન વહેલી મોડી પહોંચે તો કાર્યક્રમ ટૂંકો કરી, આગળના સ્થળોએ પ્રસ્થાન કરવું પડશે. તે સંજોગોમાં કોઈ પણ જાતનું વળતર મળશે નહીં.

(૧૮) બસમાં ઉંમરલાયક યાત્રિકને આગળ સીટ આપવાનો પ્રયત્ન કરવામાં આવશે અને ઉંમર પ્રમાણે સીટ ફાળવણી થશે. તેથી નાની ઉંમરના યાત્રિકને પાછળ આવશે. દરેક બસમાં પ્રથમ ૪ સીટ કાર્યકરની રહેશે.

(૧૯) ઉપરના નિયમ અંગે કાર્યકરો અને વહીવટી તંત્ર તરફથી જે કોઈ સૂચના મળે તેનું ચૂસ્ત પાલન કરવા અમે બંધાયેલ છીએ અને અમે સહી કરનાર સાથે અમારા કુટુંબીજનો વતી અમે સમજી વિચારીને સહી કરેલ છે.

(૨૦) પ્રવાસમાં પ્રવાસીનો માલ સામાન-લગેજ ફક્ત બસમાં ચડવા-ઉતરવાની વ્યવસ્થા વ્યવસ્થાપક કરશે. બાકી દરેક સ્થળે યાત્રિકે જાતે કરવાની છે.

(૨૧) પ્રવાસીને કાંઈપણ પ્રકારનું નુકસાન જેવું આર્થિક, માનસિક કે શારીરિકની જવાબદારી યાત્રિકની રહેશે. આ પ્રકારના નુકસાન અંગે કોઈ પણ પ્રકારનો ખર્ચ સમાજ કરશે તો તે પ્રવાસીએ ભરપાઈ કરવાનું રહેશે.